PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૦, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com ઈ–મેઈલ – forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪/કવા–૦૧/૧૮–૧૯/ 5635-9 તા. ૨૬-૦૭-૧૮

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
લક્ષ્મણભાઈ જાદવભાઈ ભરડા,
ગામ: શીલ
તા. માંગરોળ,
જી. જુનાગઢ

**વિષય :–રમેશભાઈ ઝીણાભાઈ ના જોડાણની લાઈન સામે વાંધા અરજી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૪/કવા–૦૧/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોળ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. સીજીઆરએફ : ૬૪/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૩–૦૭–૧૮ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: લક્ષ્મણભાઈ જાદવભાઈ ભરડા. ગામ: શીલ

રજુઆત કરનાર: અરજદાર લક્ષ્મણભાઈ જાદવભાઈ ભરડા હાજર રહેલ છે

વિરૂધ્ધ

પક્ષકાર નં.:–(૨) પીજીવીસીએલ (સામેવાળા)

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)

રજુઆત કરનાર પી.એલ.ગોહિલ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ,માંગરોલ

## : હુકમ :

ફરીયાદ : રમેશભાઈ ઝીણાભાઈ ના જોડાણ બાબતે ની લાઈન સામે વાંધા અરજી બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ:શીલ ખાતે ના સર્વે નંબર: ૧૨૬/બ હે.૬–૪૭–૫૦ આરે. ક્ષેત્રફળ વાળી જમીન આવેલ છે. તેઓની જમીન ની પૂર્વ દિશામા :–રમેશભાઈ ઝીણાભાઈ, કારીબેન ઝીણાભાઈ તેમજ મોહનભાઈ ઝીણાભાઈ ની જમીન છે. તેઓની જમીન ના શેઢે થી ૦૨ થાંભલા દુર થી થાવર મળી શકે તેમ હોવા છતા – તેઓની જમીન મા ૦૪ પોલ ઉભા આવેલ છે. તે જમીન ના શેઢે થી ૦૨ થાંભલા દુર થી થાવર મળી શકે તેમ હોવા છતા – તેઓની જમીન મા ૦૪ પોલ ઉભા કરવામા આવે તે મુજબ જ વીજલાઈન – પેટા વિભાગીય કચેરી દ્વારા આપવાની થતી હોય – જેથી, વીજલાઈન – તેઓના નાળીયેરી ના ઝાડ ની ઉપર પસાર થાય તેમ છે, અને તેમ થતા – નાળીયેરી ના ઝાડ ને કાપવા પડે – અથવાતો નાળીયેરી ના પાન કાપી નાખવા પડે – જેથી આર્થિક નુકશાન જાય તેમ હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવવામાં આવેલ કે, શ્રી રમેશ જીણા ભરડા ગામ શીલ દ્વારા ખેતીવાડી વીજ જોડાણ માટે તા ૧૫-૧૦-૨૦૧૨ ના રોજ પેટા વીભાગીય કચેરી માંગરોળ ગ્રામ્ય મા ડાર્કઝોન-એસપીએ યોજના હેઠળ અરજી કરેલ – જેના એસ.આર.નં ૪૨૭૫૮૬૨ છે. ડાર્કઝોન યોજના હેઠળ કરેલ ડ્રોમાં આવેલ અગ્રતાક્રમ નં. : ૧૩૭૫ અન્વયે અરજી ને તા. ૨૩-૧૧-૨૦૧૬ થી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવેલ. ત્યારબાદ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરી અરજદારને ૧૩.૦૧.૨૦૧૭ તારીખે અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર દ્વારા ૨૩.૦૧.૨૦૧૭ તારીખે ભરપાઈ કરવામાં આવેલ. કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળે કામ કરવા જતા ફરિયાદી શ્રી લખમણ જાદવ ભરડા દ્વારા વાંધો લેવામાં માં આવેલ જેનું નાયબ ઇજનેર માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ ઉપર રોજકામ તા. ૧૭.૦૨.૧૭ ના રોજ કરવામાં આવેલ. રમેશ જીણા ભરડાને વાંધા નુ સમાધાન કરવા અંગે તા. ૨૫.૦૩.૨૦૧૭ ના રોજ પત્ર આપવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદી દ્વારા માંગરોળ |

| | |
|---|---|
| | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમા તા. ૧૨.૦૪.૨૦૧૭ ના રોજ વાંધા અરજી આપવામાં આવત સદર કેસને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમા મોકલવામાં આવેલ. જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કેસ તા. ૦૮.૦૬.૨૦૧૭ ના રોજ અપુરતી વિગત સાથે પરત આવેલ. જે માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા નિરાકરણ કરી ફરી તા. ૧૪.૦૩.૦૨૦૧૮ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમા મોકલવામાં આવેલ છે. વધુમાં પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર તેમજ વાંધેદાર બંને ને તારીખ ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ લેખિત જાણ કરી તારીખ ૨૫.૦૬.૨૦૧૮ ના રોજ પ્રશ્નના હલ અનુસંધાને હાજર રહેવા અર્થે જણાવેલ પરંતુ કોઈ હાજર રહેલ નથી. જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કોઈ નિર્ણય હજુ સુધી આવેલ નથી. હાલ તેઓને સ્મૃતિપત્ર તા. ૨૯.૦૬.૨૦૧૮ ના રોજ પાઠવેલ છે. |

<u>મુદ્દા નં.—૩ :</u>

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને— પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમેટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી રમેશ જીણા ભરડા ગામ શીલ દ્વારા ખેતીવાડી વીજ જોડાણ - ડાર્કઝોન-એસધીએ યોજના હેઠળ મંજુર કરાયેલ જોડાણ બાબતે – કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળે કામ કરવા જતા ફરિયાદી શ્રી લખમણ જાદવ ભરડા દ્વારા વાંધો લેવામા માં આવેલ— જે વાંધા અન્વયે નુ નિરાકરણ ન થતા—પેટા વિભાગીય કચેરી દ્વારા ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે— તા. ૧૨.૦૪.૨૦૧૭ ના રોજ વાંધા અરજી આપવામાં આવતા સદર કેસને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમા મોકલવામાં આવેલ જે તા.૦૮.૦૬.૨૦૧૭ ના રોજ અપુરતી વિગત સાથે પરત થતા આશરે ૦૯ માસના વિલંબ બાદ— પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી પૂર્તતા કરી તા. ૧૪.૦૩.૦૨૦૧૮ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં મોકલવામાં આવેલ છે. સદર બાબતે— વાંધાના નિરાકરણ અન્વયે— અરજદાર અને વાંધેદાર બંને ને પેટા વિભાગીય કચેરી દ્વારા તારીખ ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ લેખિત જાણ કરી તારીખ ૨૫.૦૬.૨૦૧૮ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ કોઈ હાજર રહેલ નહતા. સદર બાબતે હાલ— જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કોઈ નિર્ણય હજુ સુધી આવેલ નથી. જે અન્વયે હાલ તેઓને સ્મૃતિપત્ર તા. ૨૯.૦૬.૨૦૧૮ ના રોજ પાઠવેલ છે. આમ, સદર કેસ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમા ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોય— નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદ્દા નં: ૨.૩૦ (૧) મા કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના— એટલેકે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોય તેવા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ન્યાયિક પ્રક્રીયા હેઠળ મડતર હોય તેવા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકિય બાબત સંબંધ હોય તો, સદર રકમ ઉક્ત રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.